**<u>રાજકોટના મહે. ૧૮ માં એડી. ચીફ જયુડી. મેજી સાહેબની કોર્ટ, રાજકોટ</u>**
**<u>(શ્રી એ. આર. સોની સાહેબની કોર્ટ)</u>**

**ફો.કે.નં.– ૩૫૨૬૭/૨૦૨૪**

**આંકઃ– ૬**

**શ્રી સરકાર ....... ફરીયાદી**

**વિરુધ્ધ**

**લવજીભાઇ ઉર્ફે રસીકભાઇ કરશનભાઇ ભલસોડ ....... આરોપી**

**<u>ચાર્જઃ– બી.એન.એસ.–૨૨૩ મુજબ</u>**

**<u>–ઃ ચુકાદો ઃ–</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો બી.એન.એસ. ક.૨ ૨૨૩ મુજબનો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ **આંક– ૫** થી રજુ હોય જેથી **આંક– ૪** થી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત આરોપીએ કરેલ ગુનામાં રૂ.૧૦૦/– ના દંડની જોગવાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા- ૨૦૨૩ ની કલમ-૨૭૫ મુજબ બી.એન.એસ.ની કલમ- ૨૨૩, મુજબના ગુના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુનો કરવા બદલ રૂ. ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન- 10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

- સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી કરવામાં આવે છે. જો કોઇ હુકમ ન હોય તો વાહનની માલીકીની ખરાઇ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો હુકમ કરવામાં આવે છે. બાકીના મુદ્દામાલ બાબતે નીયમો મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪,માહે ડીસેમ્બર,સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તા. ૧૪/૧૨/૨૦૨૪

( અંકુરકુમાર રાકેશચંદ્ર સોની)
૧૮ માં અધિક ચીફ જ્યુડી. મેજી.
રાજકોટ.
UID NO. GJ01256